# સંકર ગાય



લેખક : વેણીશંકર મુરારજી વાસુ

# સંકર ગાય

## એક વિનાશક કાર્યક્રમ

લેખકઃ શ્રી વેણીશંકર મુરારજી વાસુ

**સંકર ગાય : એક વિનાશક કાર્યક્રમ**

**લેખક: વેણીશંકર મુરારજી વાસુ**

પ્રથમ સંસ્કરણ : ૧૧-૬-'૮૦ (૩૦૦૦ નકલ)
દ્વિતીય સંસ્કરણ : ૧૫-૫-'૯૮ (૨૦૦૦ નકલ)

દ્વિતીય સંસ્કરણના પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન :

**વિનિયોગ પરિવાર**

બી-૨/૧૦૪, વૈભવ, જાંબલી ગલી,
બોરીવલી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૯૨.
ટે. નં. ૮૯૯૧૭૮૧, ટેલી ફેક્સ: ૮૯૮૦૭૪૯

મુદ્રણ ખર્ચ: રૂ.૧૦/-

## અનુમોદના

આ પુસ્તિકાને પ્રસ્તુત સ્વરૂપ આપવા આર્થિક લાભ લેનાર અહિંસાપ્રેમી ગોંડલનિવાસી સ્વ. શેઠ શ્રી નવીનચંદ્ર પુરુષોત્તમ દોશીની અમે અનુમોદના કરીએ છીએ.

# સંકર ગાય : એક વિનાશક કાર્યક્રમ

**દૂધનું** ઉત્પાદન વધારવાની લાહ્યમાં આ દેશમાં શરૂ કરવામાં આવેલી સંકર ગાયની (પરદેશી સાંઢ અને અહીંની ગાયની મિશ્ર ઓલાદ) યોજનાની પાછળનો ગર્ભિત હેતુ બળદ, છાણ અને શુદ્ધ ઘીનો પુરવઠો કાપી નાખવા માટે છે.

અને દૂધનું ઉત્પાદન વધારવાનો જે પ્રત્યક્ષ હેતુ સંકર ગાયની યોજના શરૂ કરવા પાછળનો દર્શાવવામાં આવ્યો છે, તે હેતુ પણ આ યોજનાથી સિદ્ધ થાય તેમ નથી.

સંકર ગાયની સમગ્ર યોજના આ દેશની પ્રજાના હિતના વિરુદ્ધની છે, દેશના માલધારીઓ અને ખેડૂતોના હિતની વિરુદ્ધની છે, દેશની સંસ્કૃતિની વિરુદ્ધની છે. એટલું જ નહીં, પરંતુ તે યોજના અતિ ભયંકર ખર્ચાળ અને વિશ્વશ્રેષ્ઠ ભારતના પશુઓનો નાશ કરનારી છે.

શ્રી વિનોબાજી, શ્રી એસ. આર. વકીલ, કર્ણાટકની હાઈકોર્ટના એક વખતના મુખ્ય ન્યાયાધીશ શ્રી રાવ, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી તુલસીદાસ વિશ્રામ જેવા કેટલાય વિદ્વાનો અને ઊંડી સૂઝ ધરાવનારાઓએ આ યોજનાની સામે ગંભીર ચેતવણીના સૂર કાઢયા છે, અને વહેલામાં વહેલી તકે આ યોજના બંધ કરવા સરકારી અને બિનસરકારી સંસ્થાઓને ભારપૂર્વક અપીલ કરી છે.

એપ્રિલ ૧૯૭૮માં આણંદમાં મળેલી ક્રોસ બ્રિડિંગ અંગેની કોન્ફરન્સમાં ખુદ કેટલાય સરકારી અધિકારીઓએ સંકર ગાયની યોજનાની સફળતા વિષે ડરતાં ડરતાં પોતાની શંકા પ્રગટ કરી છે.

શ્રી મંગરૂલકરની આગેવાની નીચે નીમાયેલી કમિટીએ લગભગ આખા દેશનો પ્રવાસ કરી સરકારી સંસ્થાઓના, બિનસરકારી સંસ્થાઓના, વ્યક્તિઓના, ખાનગી માલિકીની સંસ્થાઓના આ યોજનાની સફળતા અંગેના અભિપ્રાયો મેળવ્યા છે, જે સંકર ગાયની યોજના પાછળ ઉપર જણાવેલ ગર્ભિત હેતુઓ હોવાની સાબિતીઓ પૂરી પાડે છે.

તેમ છતાં આ લોકશાહી (?) દેશમાં પ્રજાકીય સ્તરના આવા અભિપ્રાયોને કચડી નાખવામાં આવી રહ્યાં છે, અને સંકર ગાયની યોજના નિરંકુશપણે આગળ ધપી રહી છે.

આ દેશમાં સંકર ગાયની યોજના શા માટે શરૂ કરવી પડી છે? સરકારી તંત્રો તેનાં કારણો આપતાં જણાવે છે કે આપણી ગાયોની દૂધ આપવાની આનુવંશિક શક્તિ ઓછી છે, આપણી ગાયો બહુ જ ઓછું દૂધ આપે છે.

આ બંને આક્ષેપો પાયા વિનાના છે, જૂઠાણાંથી ભરેલા છે. જૂઠાણાં ભરેલા આક્ષેપો કરી પ્રજાના હિતોને જોખમમાં મૂકનારી યોજનાઓ શરૂ કરવા બદલ સરકારી તંત્રો સામે કાયદેસર પગલાં લઈ શકાય કે કેમ તે દેશનાં બાહોશ ધારાશાસ્ત્રીઓએ વિચારવા જેવું છે.

આ દેશમાં સરકારી તંત્રના જ જણાવ્યા મુજબ ૨૬ પ્રકારની ગાયો છે. તેમાંની માત્ર પાંચ જ પ્રકારની ગાયો પ્રધાનપણે દૂધાળ છે, સાત દ્વિહેતુક એટલે કે દૂધ અને બળદ આપનારી ગાયો છે અને બાકીની ૧૬ માત્ર કામાળ એટલે કે બળદ આપનારી ગાયો છે.

આમાંથી કઈ ગાયોની દૂધ આપવાની આનુવંશિક શક્તિ ઓછી હોવાનું સરકારી તંત્રો જણાવે છે? પ્રથમ ૫+૭=૧૨ પ્રકારની ગાયોની કે બાકીની બળદ આપનારી ગાયોની? જે ગાયો વિશ્વશ્રેષ્ઠ બળદો આપે છે તેવી ગાયોની દૂધ આપવાની શક્તિ ઓછી જ હોય છે, કારણ કે તેવી ગાયોનો ઉછેર દૂધ આપવા માટે થયો જ નથી. તેવી ગાયોનું સંકરીકરણ કરી તેમની શ્રેષ્ઠ બળદો આપવાની શક્તિ તોડી નાખવાની છે?

જો પ્રથમ બાર પ્રકારની ગાયોની દૂધ આપવાની આનુવંશિક શક્તિ ઓછી છે, એમ જો સરકારી તંત્રો કહેતા હોય, તો કાં તો તેઓ આ દેશના ઈતિહાસથી અજાણ છે, અથવા ઈરાદાપૂર્વક તેઓ આપણા પશુધન અંગે અવળો પ્રચાર કરે છે.

ઈતિહાસમાં વધુ દૂર ન જઈએ:

સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યના વખતમાં પાટલિપુત્રના માત્ર એક ધનિકની ગાયો એટલું દૂધ આપતી કે તેમના એક દિવસના દૂધના માખણથી ગિરિનદીના જળપ્રવાહને આડી પાળ બાંધીને રોકી શકાય. કલિકાલસર્વજ્ઞ જૈનાચાર્ય શ્રી હેમચંદ્રસૂરિશ્વરજી મહારાજશ્રીએ રચેલા પરિશિષ્ટ પર્વમાંથી ઉપરની માહિતી મળે

છે. અકબર બાદશાહના વખતમાં ગુજરાતની ગાયો કેટલું દૂધ આપતી તેનું વર્ણન "હીર-સૌભાગ્ય" કાવ્યમાં જૈનાચાર્ય શ્રી દેવવિમલસૂરિજીએ કર્યું છે. તેઓ જણાવે છે કે ગુજરાતના ગોચરમાં રોજનું ૬૪ શેર (૩૨ લિ.) દૂધ આપનારી ગાયો પોતાનાં વાછરડાં સાથે ચરી રહી છે.

તે જ પ્રમાણે 'આઈને અકબરી'માં અબુલ ફઝલ નોંધે છે કે કેટલીક ગાયો તો અડધા મણ કરતાં પણ વધારે દૂધ આપે છે. આવાં તો બીજા કેટલાય પ્રમાણો આપી શકાય તેમ છે.

વળી જો દૂધાળ ગાયોની દૂધ આપવાની આનુવંશિક શક્તિ ઓછી હતી તો વિશાળ ઘોડેસ્વારના લશ્કરના ઘોડાઓને, હાથીઓને, લાખો બળદો વગેરેને શુદ્ધ ઘી કેવી રીતે પિવડાવી શકાતું હશે? એ પ્રાણીઓને ઘી પિવડાવવામાં આવતું હતું તેના પૂરાવા કૌટિલ્યના અર્થશાસ્ત્રમાંથી મળે છે.

એથી પણ નજદીકના વર્તમાનમાં આવીએ;

ઈતિહાસના જીવતા પુરાવા જેવા ૬૦ વર્ષની વયની આસપાસ પહોંચેલા વૃદ્ધો આપણી વચ્ચે જીવી રહ્યા છે. તેઓ સાક્ષી પૂરશે કે તેમના વખતમાં એટલે કે આજથી ૬૦ વર્ષ પહેલાં ગાયો રોજનું ૧૦ થી ૧૨ લિટર દૂધ આપતી.

દૂધાળ અને દ્વિહેતુક ગાયોની દૂધ આપવાની આનુવંશિક શક્તિ ઓછી હોવાનો આક્ષેપ આથી ખોટો સાબિત થાય છે.

તો પછી એ ગાયોની દૂધ આપવાની શક્તિમાં ઘટાડો કેમ થયો?

તેનાં મુખ્ય ત્રણ કારણો જણાયાં છે:

૧. પૂરતા ખોરાકનો અભાવ

૨. સાંઢોની ક્તલ

૩. ડેરીઓની યોજનાઓ

૧. પૂરતા ખોરાકના અભાવમાં હૃષ્ટપૃષ્ટ માણસની પણ કામ કરવાની શક્તિ તૂટી જતી હોય છે. ચરિયાણોના નાશ દ્વારા અને ખોળની નિકાસ દ્વારા પશુઓના સાત્ત્વિક ખોરાકનો પુરવઠો કાપી નાખવામાં આવ્યો, જેનાથી તેની દૂધ આપવાની શક્તિ ઉપર ઘેરી અસર પહોંચી.

૨. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં જણાવાયું છે કે સારા પશુઓના ઉછેર માટે ૧૦૦ ગાયોના ટોળામાં ચાર સાંઢ મૂકવા જોઈએ. અંગ્રેજી શાસનમાં ગોવંશની બેફામ ક્તલના કારણે સાંઢોની ખેંચ પડવા માંડી.

૩. શહેરોમાં ડેરીઓ થવાથી દૂધાળ ઓલાદો ગામડાંઓમાંથી ખેંચાઈ ગઈ અને ફરી ગામડાંઓમાં પાછી ન ફરી. તે ગાયો ડેરીઓમાંથી ક્તલખાને પહોંચી ગઈ. તેમ થતાં દૂધ આપનારી શ્રેષ્ઠ ઓલાદો ઉત્તરોત્તર નાશ પામતી ગઈ.

૧૯૪૭ પછી ઉપરનાં ત્રણ પગલાંઓ ઉલટાવી નાખવામાં

આવ્યાં હોત તો દેશમાં ખરેખર સાત્ત્વિક તાજા દૂધ અને શુદ્ધ ઘીની નદીઓ વહેતી થઈ હોત. પરંતુ અંગ્રેજોએ વારસામાં આપેલી ગોવંશ નાશની નીતિ સ્વાધીન દેશના સરકારી તંત્રોએ ચાલુ રાખી. એટલું જ નહીં તેમાં અસાધારણ વેગ પૂર્યો.

ઉપરનાં ત્રણ કારણોથી આપણી દૂધાળ ગાયોની દૂધ આપવાની ક્ષમતા તૂટી ગઈ. તેમ છતાં તે એટલી હદ સુધી નહોતી તૂટી જેટલી સરકારી આંકડાઓ દ્વારા બતાવવામાં આવી.

ભારત સરકાર તરફથી નેશનલ કમિશન ઓન એગ્રિકલ્ચરનો અહેવાલ ૧૯૭૬માં પ્રગટ થયો છે. તેના સાતમા વિભાગમાં પાના ૨ ઉપર જણાવાયું છે કે હાલમાં એટલે ૧૯૭૩-૭૪માં ગાયના દૂધની વાર્ષિક સરેરાશ માત્ર ૧૫૭ કિલો (લગભગ ૩૫૪ રતલ) છે.

ત્રણ રાજ્યો અને કસાઈઓ વચ્ચેના કેસમાં ૧૯૫૬માં એવી રજૂઆત કરવામાં આવી હતી કે ગાયના દૂધની વાર્ષિક સરેરાશ ૪૧૩ રતલ છે.

બેંકો ચાલુ કરવા માટે જેમ આ દેશના શાહુકારોની વિરુદ્ધ પ્રચાર કરવામાં આવ્યો હતો, તેમ સંકર ગાયોની યોજના ચાલુ કરી શકાય, તે યોજનાને વેગ આપી શકાય; તે માટે આપણી ગાયો નબળી છે એવો ભ્રામક પ્રચાર કરવા માટે ઉપરના આંકડાઓ અવળી રીતે તારવવામાં આવ્યા છે. તે બે રીતે -

૧) આગળ જણાવવામાં આવ્યું તેમ આપણા દેશમાં માત્ર

૧૨ પ્રકારની ગાયો જ દૂધ આપનારી ગાયો છે. તેથી માત્ર તેટલા પ્રકારની ગાયોની સંખ્યા ગણતરીમાં લેવાને બદલે ઓછી સરેરાશ દેખાડવા માટે બધા જ પ્રકારની ગાયોની ગણતરી કરી લેવામાં આવી છે. બળદો આપનારી ૧૬ પ્રકારની ગાયો માત્ર ૦ાા થી ૧ાા લીટર જ દૂધ આપે છે, જે તેનાં વાછરડાંઓને પીવડાવી દેવામાં આવે છે.

(૨) તે તે વર્ષમાં જેટલી દૂધાળ ગાયોએ દૂધ આપ્યું છે, તેટલી જ સંખ્યાની ગાયોની સરેરાશ તારવવામાં ગણતરી કરવાને બદલે, જે ગાયોએ તે વર્ષમાં દૂધ નથી આપ્યું તેવી ગાયોની ગણતરી પણ સરેરાશ ઓછી દેખાડવા માટે કરી લેવામાં આવી છે.

વળી દૂધ ઉત્પાદનના સરકારી આંકડાઓ વિશ્વસનીય નહોતા એમ ખુદ સરકારી તંત્રોએ કબૂલ કર્યું છે. ઠેઠ ૧૯૭૭-૭૮ પછી એ આંકડાઓ વિશ્વસનીય બની શકયા છે, એમ તેમણે જણાવ્યું છે. ખોટી માહિતીઓના આધાર ઉપર પ્રજાના હિતો જોખમમાં મૂકવા માટે સરકારી તંત્રોને સજા કરવાની જોગવાઈ બંધારણમાં છે ખરી?

પછી ખોટી રીતે તારવવામાં આવેલા આ આંકડાઓની સરખામણી પરદેશી ગાયોના દૂધ ઉત્પાદનના આંકડાઓ સાથે કરવામાં આવી છે, જેથી આપણી ગાયો ઓછું દૂધ આપે છે, અને પરદેશી ગાયો વધુ દૂધ આપે છે એવી ભ્રમણા પ્રજામાં ફેલાય.

પરદેશી ગાયોને પરદેશોમાં જેટલો ખોરાક અપાય છે, જેવી માવજત કરવામાં આવે છે, તેનાથી અડધો ખોરાક અને અડધી

પણ સારી માવજત કરી શકાય તેવી સગવડો આપણા માલધારીઓ અને ગ્રામ્યજનોને પૂરી પાડવામાં આવી હોત, તો પરદેશી ગાયો કરતાં પણ વધુ દૂધ આપણી ગાયોએ આપ્યું હોત, અને તે પણ પરદેશી ગાયો કરતાં ઘણું ચડિયાતું.

તેના બદલે આપણા માલધારીઓ અને ગ્રામ્યજનો સારી રીતે પશુપાલન ન કરી શકે તે માટે તેમના માર્ગમાં એવા અવરોધો મૂકાયા, જેના ફલસ્વરૂપે ૧૯૫૧માં સરકારી ગણતરી મુજબ ૪૧૩ રતલ દૂધ આપતી ગાયો ૧૯૭૩માં ૩૫૪ રતલ દૂધ આપતી બની ગઈ. આપણી ગાયોના સંવર્ધન માટે ફાળવાયેલાં નાણાં કોના સંવર્ધન માટે ઉપયોગમાં લેવાયા? અથવા તેનો ઉપયોગ એવો કઈ રીતે થયો કે ૨૦ વર્ષ પછી દેશી ગાયના દૂધનું ઉત્પાદન વધવાને બદલે ઘટી ગયું?

માત્ર દૂધના ઉત્પાદનને નજર સામે રાખીને અમલમાં મૂકાયેલી સંકર ગાયની યોજનાથી છાણ વગેરે પદાર્થોનો પુરવઠો કેવી રીતે તૂટે છે તેની વિગતમાં ઉતરતાં પહેલાં આખી યોજના કેટલી અવ્યવહારુ અને ખર્ચાળ છે તે જોઈએ. સંકર ગાયની યોજનાનો અમલ બાવાની લંગોટી જેવો પુરવાર થયો છે.

૧. સંકર ગાયની યોજના અમલમાં મૂકવા માટે પાયાની જરૂરિયાત હતી પરદેશી સાંઢોની. ૧૯૫૧ના સરકારી આંકડા મુજબ તે વર્ષમાં દેશમાં લગભગ બે કરોડ દૂધાળ અને દ્વિહેતુક ગાયોની સંખ્યા હતી. તે ગાયોનું સંકરીકરણ કરવા માટે ઓછામાં

ઓછા ચાર લાખ પરદેશી સાંઢો જોઈએ. તેટલા સાંઢો અહીં લાવવા કેવી રીતે? તેને અહીં સાચવવાનો, માવજતનો કેટલો મોટો ખર્ચ આવે? એ અવહેવારું જણાતાં પરદેશી સાંઢોના વીર્યના ડોઝ મંગાવવામાં આવ્યા. એ વીર્યના ડોઝ સાચવવા કેવી રીતે અને ગામડે ગામડે પહોંચાડવા કેવી રીતે? તેમાંથી આવ્યા એરકન્ડિશન્ડ વાનના; કૃત્રિમ ગર્ભાધાનના કેન્દ્રોના, ડૉકટરોના, સહાયકોના પારાવાર ખર્ચાઓ. આ વિષયમાં ભારત સરકારના પ્લાનિંગ કમિશનના સભ્ય શ્રી બી. શીવરામનનો વિસ્તૃત લેખ ૧૯૭૮માં આણંદમાં મળેલી કોન્ફરન્સમાં વંચાયો છે. તેમાંથી કૃત્રિમ ગર્ભાધાનની આખી યોજના કેટલી અવ્યવહારુ અને ખર્ચાળ છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

અને આ કૃત્રિમ ગર્ભાધાનની પદ્ધતિમાં ગાયો ઉપર જે ત્રાસ ગુજારવામાં આવે છે, તેનું વર્ણન સાંભળતાં પણ રૂંવાડા ખડા થઈ જાય તેવું છે. આખી ય રીત ક્રૂર, ઘાતકી અને કુદરતના નિયમોથી વિરુદ્ધ છે. આ રીતમાં પશુઓની મૈથુન ક્રિયાનો કુદરતી અધિકાર પણ છીનવી લેવામાં આવે છે.

કૃત્રિમ ગર્ભાધાન કરવા માટે ગાયને પાંજરામાં પૂરવામાં આવે છે, અને પાછળના બન્ને પગો બાંધવામાં આવે છે. ગાયનું ગળું ઉપરની તરફ ખેંચી દોરી સાથે બાંધવામાં આવે છે. ગાય હલનચલન ન કરી શકે અને ભાગી ન જાય તે માટે આ રીતે તૈયારી કર્યા પછી સાંઢના વીર્યનું ઈંજેકશન આપનાર ડૉકટર ગાયની ગુદામાંથી કોણી સુધીનો પોતાનો હાથ અંદર દાખલ કરે

છે. એ હાથ અંદર ગર્ભાશયની ગ્રીવા શોધે છે. ગ્રીવા શોધાયા પછી તેને પકડી રાખવામાં આવે છે અને બીજા હાથથી જાડા કાચની/પ્લાસ્ટિકની લાંબી વીર્યદાન નળીને યોનિમાં દાખલ કરવામાં આવે છે. પેલી પકડી રાખવામાં આવેલી ગ્રીવામાં એ નળી દાખલ કરી તેમાં વીર્ય ફેંકવામાં આવે છે.

ત્યાર બાદ ગાયને પાંજરામાંથી છૂટી કરવામાં આવે છે.

સાક્ષાત્ યમદૂતને જાણે જોયો ન હોય એવી રીતે પાંજરામાંથી ગાય તોપના ગોળાની જેમ ભાગી છૂટે છે.

વળી બળાત્કારે કરાયેલા આવા વીર્યદાનનું પરિણામ શું આવશે? જે દેશમાં ગાયને કુટુંબના સ્વજન તરીકે સ્વીકારવામાં આવે છે, તે દેશમાં તેને માત્ર દૂધ આપનાર નિર્જીવ મશીન ગણી તેના ઉપર અમાનુષી અત્યાચાર ગુજારવો એ આ દેશની સંસ્કૃતિની વિરુદ્ધ છે.

જે દેશની બહુમતી પ્રજા ગાયને દૈવી તત્ત્વ તરીકે પૂજે છે, જે દેશમાં બહારથી આવેલા મુસલમાન બાદશાહોએ પણ ગાયને અવધ્ય માની છે, તે દેશમાં વૈજ્ઞાનિક સંવર્ધનના નામે ગાયો ઉપર આટલો ભયંકર અત્યાચાર કરવાની છૂટ મળી શકતી હશે?

એક બાજુ રાજ્યો પશુઓ ઉપર ઘાતકીપણું નિવારવાના કાયદાઓ કરે છે, બીજી બાજુ રાજ્યો જ પશુઓ ઉપર કૃત્રિમ ગર્ભાધાનના નામે પૈશાચિક અત્યાચાર ગુજારે છે. પશુઓ ઉપરનું

ઘાતકીપણું નિવારણ કરવા માટે સ્થપાયેલી સંસ્થાઓ ચૂપ કેમ છે તે સમજાતું નથી.

૨. સંકર ગાય પાળવી એટલે ઘેર હાથી બાંધવો. જ્યારે દેશી પશુઓને ખવડાવવા માટે સૂકો ચારો પણ ગ્રામ્યજનોને મળતો નથી, ત્યારે સંકર ગાયોને રોજ ખવડાવવા માટે જોઈતો લીલો ચારો બારે માસ ગ્રામ્યજનો કયાંથી લાવશે? સંકર ગાયને રોજ ૪૦ થી ૬૦ કિલો લીલો ચારો જોઈએ. વૈજ્ઞાનિક શ્રી બી. એસ. રાવતે પ્રશ્ન કર્યો છે, "પણ પૂરતા પ્રમાણમાં લીલો ચારો ઊગાડવો કેવી રીતે?"

૩. તે જ રીતે પાણીનો પ્રશ્ન પણ વિકરાળ છે. જ્યારે ગામડાંઓની અંદર લોકોને પાણી પીવા માટે નથી મળતું, ત્યારે સંકર ગાયોની પાણીની જરૂરિયાતને કેવી રીતે પહોંચી વળાશે? દેશી ગાયો કરતાં સંકર ગાયોની પાણીની જરૂરિયાત ઘણી મોટી હોય છે.

૪. સંકર ગાયો પાળી શકાય તે માટે સરકારી તંત્રો ગામડે ગામડે ઘેર ઘેર એરકન્ડિશન્ડ તબેલાઓ બાંધી આપવાના છે? તેનો ખર્ચ કોણ ભોગવવાનું છે?

૫. સંકર ગાયો ઝડપથી બિમાર પડે છે. તેમની સારવાર માટે ડૉકટરોના, સહાયકોના, ઈંજેકશનોના, દવાઓના જંગી ખર્ચાઓનો બોજ કોના ઉપર ઠોકી બેસાડવાનો છે?

આ દેશની પ્રજા જે દેશી ગાયોનું પાલન કરવા ટેવાયેલી છે

તે ગાયોનું પ્રજા પાલન ન કરી શકે તે માટે તેના માર્ગમાં અવરોધો મૂકાય છે. પ્રજા જે ગાયોનું પાલન કરવા ટેવાયેલી નથી, પાળી શકે તેમ નથી તેવી ગાયો પ્રજા ઉપર શા માટે લાદવામાં આવે છે? તેમ કરવા પાછળ કયો ગર્ભિત આશય છુપાયેલો છે?

હવે આ યોજનાથી છાણ, શુદ્ધ ઘી, ખેતી અને ભારવાહનમાં ઉપયોગી બળદો તથા દૂધનો પુરવઠો કેવી રીતે તૂટે છે તે જોઈએ. તે પહેલાં આપણી પાસે જે આંકડા અને માહિતી ઉપલબ્ધ છે તેની નોંધ કરીએ.

૧. વરિષ્ઠ વૈજ્ઞાનિક શ્રી પારેખ જણાવે છે કે ૧૯૯૦ સુધીમાં દેશની દૂધની જરૂરિયાત સાત કરોડ ટન સુધી પહોંચશે એવી ધારણા છે. (જ્યારે નેશનલ કમિશનનો અહેવાલ જણાવે છે કે ઈ. સ. ૨૦૦૦ સુધીમાં દેશમાં દૂધની જરૂરિયાત ૬ કરોડ ૪૪ લાખ ટન સુધી પહોંચવા ધારણા છે.) શ્રી પારેખ જણાવે છે કે આ ધ્યેય સિદ્ધ કરવું અઘરું નથી. સરેરાશ ૨૫૦૦ લિટર દૂધ આપનારી અઢી કરોડ સંકર ગાયો ત્યાં સુધી પેદા કરવી જોઈએ. આ ગણતરી મુજબ અઢી કરોડ સંકર ગાયો છ કરોડ પચ્ચીસ લાખ ટન દૂધ આપશે.

૨. આણંદની વેટેરીનરી કોલેજના અધ્યાપક શ્રી અરુણ દવે તેમના પુસ્તક 'પશુવ્યવસ્થા'માં જણાવે છે કે આપણી દૂધાળ ગાયો વેતરમાં સરેરાશ ૧૫૦૦ થી ૧૮૦૦ લિટર દૂધ આપે છે, ત્યારે દ્વિહેતુક ગાયો વેતરમાં સરેરાશ ૧૦૦૦ થી ૧૨૦૦ લિટર

દૂધ આપે છે. (જ્યારે નેશનલ કમિશનનો અહેવાલ આપણી ગાયોનું સરેરાશ દૂધ ઉત્પાદન '૭૩-'૭૪માં ૧૫૭ લિટર મૂકે છે.) શ્રી અરુણ દવેના પુસ્તકની માહિતીના આધારે આપણી દુધાળ અને દ્વિહેતુક ગાયોનું સરેરાશ દૂધ ઉત્પાદન ૧૪૦૦ લિટર મૂકી શકીએ.

૩. આગળ જણાવ્યું તેમ કુદરતી ગર્ભાધાનથી સંકર ગાયો મોટા પાયે ઉત્પન્ન કરવાનું શક્ય નથી. તેના માટે કૃત્રિમ ગર્ભાધાનની પદ્ધતિનો આશ્રય લેવો પડે.

મહારાષ્ટ્ર રાજ્ય પશુપાલન ખાતાંનો અહેવાલ, ગુજરાત રાજ્ય પશુપાલન ખાતાંનો અહેવાલ તથા બીજા અહેવાલોનો અભ્યાસ કરતાં જણાઈ આવે છે કે કૃત્રિમ ગર્ભાધાનની પદ્ધતિથી લગભગ ૧૨ ટકા માદા વાછરડાં અને લગભગ ૧૨ ટકા નર વાછરડાં અર્થાત કુલ ૨૪ ટકા બચ્ચાં જન્મ પામે છે. તે સિવાયનું ગર્ભાધાન નિષ્ફળ નિવડે છે.

'શ્વેત ક્રાંતિ' નામના પુસ્તકમાં 'કૃત્રિમ બીજદાન' ઉપર ડૉ. એસ. બી. કોડાગલીનો લેખ છપાયો છે. તેમાં તેઓ જણાવે છે કે સામાન્ય રીતે એક સાંઢ કુદરતી રીતે સમાગમ કરીને એક વર્ષમાં ૬૦ થી ૭૦ બચ્ચાં પેદા કરી શકે છે. અર્થાત્ જો દેશી સાંઢો દ્વારા કુદરતી ગર્ભાધાન કરવામાં આવે તો ઓછામાં ઓછા ૩૫% માદા વાછરડાં અને ૩૫% નર વાછરડાં એમ કુલ ૭૦% બચ્ચાં જન્મ આપે છે.

ખરી રીતે તો કુદરતી ગર્ભાધાન દ્વારા ૯૫ ટકા બચ્ચાં જન્મ પામે છે. પરંતુ હવે જો માત્ર ૬૦ થી ૭૦ ટકા પરિણામ આવતું હોય તો તે માટે સરકારી તંત્રો દોષિત છે. સરકારે દેશી સાંઢોની સંખ્યા યોજનાબદ્ધ રીતે ઘટાડી નાખી છે.

ઉપરના આંકડાઓને આધારે છાણ વગેરેનો પુરવઠો કેવી રીતે તૂટે છે તે જોઈએ.

**છાણનો પુરવઠોઃ**

૧૯૯૦ સુધી અઢી કરોડ સંકર ગાયો ઉત્પન્ન કરવી હોય તો લગભગ વીસ કરોડ ગાયોનું 'કૃત્રિમ ગર્ભાધાન' કરવું જોઈએ, તેના બદલે જો વીસ કરોડ ગાયોનું કુદરતી રીતે ગર્ભાધાન થઈ શકે તેવી સગવડો પૂરી પાડવામાં આવે તો ૩૫ ટકા લેખે દેશને સાત કરોડ માદા વાછરડી અને સાત કરોડ નર વાછરડાં એમ લગભગ ૧૦ વર્ષમાં ૧૪ કરોડ બચ્ચાંઓ મળી શકે.

આ ૧૪ કરોડ પશુઓ વરસે ૪ ટન લેખે ૧૪x૪=૫૬ કરોડ ટન છાણ આપી શકે. તેના બદલે અઢી કરોડ પશુઓ માત્ર ૧૦ કરોડ ટન છાણ આપશે. જ્યારે દેશમાં છાણની તીવ્ર તંગી છે, ત્યારે ૪૬ કરોડ ટન છાણનો પુરવઠો ગુમાવવાનું દેશને પરવડી શકશે? વળી સંકર પશુઓનું છાણ પ્રવાહીવત હોવાને કારણે ભેગું પણ કરી શકાતું નથી અને એળે જાય છે. તેથી ૧૦ કરોડ ટન છાણ પણ પૂર્ણપણે ઉપલબ્ધ તો નહીં જ થાય!

**દૂધનો પુરવઠોઃ**

અઢી કરોડ સંકર ગાયો ૨૫૦૦ લિટર લેખે ૬,૨૫,૦૦,૦૦૦ ટન દૂધ આપશે.

જ્યારે સાત કરોડ દેશી ગાયો ૧૪૦૦ લિટર લેખે ૯,૮૦,૦૦,૦૦૦ ટન દૂધ આપશે. અર્થાત્ ૩,૫૫,૦૦,૦૦૦ ટન દૂધનો પુરવઠો તૂટી જશે.

સંકર ગાયોથી દેશનું દૂધ ઉત્પાદન વધે છે એ સરકારી દાવો પોકળ છે, તે આથી જણાઈ આવશે.

**શુદ્ધ ઘીનો પુરવઠોઃ**

આપણી ગાયો કરતાં સકંર ગાયોને ત્રણથી ચાર ગણો ખોરાક આપવો પડે છે. તેમ છતાં તેના દૂધમાં માત્ર ૩.૫ ટકાથી ૪.૫ ટકા ઘૃતાંશ હોય છે. ઓછો ખોરાક ખાવા છતાં આપણી ગાયોના દૂધમાં ૪.૫ ટકાથી ૫.૫ ટકા ઘૃતાંશ હોય છે. જેટલો ખોરાક સંકર ગાયોને ખવડાવવામાં આવે છે, તેનાથી અડધો ખોરાક પણ આપણી ગાયોને ખવડાવવામાં આવે તો આપણી ગાયોના દૂધમાં ઘૃતાંશનું તત્ત્વ ૬ ટકાથી પણ વધી જાય અને દૂધનું ઉત્પાદન પણ વધી જાય.

અઢી કરોડ સંકર ગાયના ૬,૨૫,૦૦,૦૦૦ ટન દૂધમાંથી ૪ ટકા લેખે ૨૫ લાખ ટન ઘૃતાંશ મળશે. ત્યારે સાત કરોડ દેશી ગાયોના ૯,૮૦,૦૦,૦૦૦ ટન દૂધમાંથી ૫ ટકા લેખે ૪૯,૦૦,૦૦૦

ટન ઘૃતાંશ મળશે. અર્થાત ૨૪ લાખ ટન ઘૃતાંશ ગુમાવીશું અથવા તેના ૭૫ ટકા લેખે ૧૮ લાખ ટન શુદ્ધ ઘી ગુમાવીશું.

જ્યારે આ દેશની પ્રજા લાખો વર્ષોથી શુદ્ધ ઘી ખાવાને ટેવાયેલી છે, શુદ્ધ ઘી પ્રજાની તંદુરસ્તીનો પ્રાણ છે, ધાર્મિક અનુષ્ઠાનો માટે પ્રાથમિક જરૂરિયાતનું દ્રવ્ય છે, ત્યારે એક પણ પંચવર્ષીય યોજનામાં શુદ્ધ ઘીના ઉત્પાદન માટે કોઈ પગલાં વિચારાયાં નથી. પ્રજાને 'વનસ્પતિ' ખવડાવવા માટેની યોજના છે, તેના માટે મગફળીના વાવેતરની યોજના છે, પરંતુ શુદ્ધ ઘીનું ઉત્પાદન વધારવાની કોઈ યોજના નથી. ઊલટું શુદ્ધ ઘીનો પુરવઠો તોડવાની યોજનાઓ છે. ડેરીઓનું ઘી શુદ્ધ ઘી નથી અને એવું ઘી ખાવા આ દેશની પ્રજા ટેવાયેલી નથી. સંકર ગાયની યોજનામાં માત્ર પ્રજાને પીવા માટે દૂધની જરૂરિયાતને ધ્યાનમાં લેવામાં આવી છે. પરંતુ શુદ્ધ ઘીના ઉત્પાદન માટે કેટલા ટન દૂધની જરૂરિયાત પડશે તેની ગણતરી લક્ષમાં લેવામાં આવી જ નથી.

અને આપણી વ્યક્તિ દીઠ દૂધની જરૂરિયાત પણ ઘણી ઓછી મૂકવામાં આવી છે. જ્યારે યુરોપ - અમેરિકાના દેશોની વ્યક્તિ દીઠ રોજની દૂધની જરૂરિયાત ૮૦૦ થી ૧૫૦૦ ગ્રામ છે, ત્યારે આપણી વ્યક્તિ દીઠ જરૂરિયાત માત્ર ૨૫૦ ગ્રામ શા માટે ગણી લેવામાં આવી છે?

**બળદનો પુરવઠોઃ**

વીસ કરોડ ગાયોનું કૃત્રિમ ગર્ભાધાન કરવાથી અઢી કરોડ

નર વાછરડાં જન્મશે. આ નર વાછરડાં આ દેશની ખેતીમાં તથા ભારવાહનના કામમાં ભાગ્યે જ ઉપયોગમાં આવતાં હોવાથી સીધા કત્તલખાને ચાલી જશે.

સામે પક્ષે કુદરતી ગર્ભાધાનથી તે તે પ્રદેશમાં ખેતી અને ભારવાહનને ઉપયોગી એવા સાત કરોડ બળદો મળશે.

ટૂંકમાં ઈ. સ. ૧૯૯૦ સુધીમાં એટલે કે લગભગ દશ વર્ષમાં અઢી કરોડ સંકર ગાયો ઉત્પન્ન કરવા જતાં તેટલા વર્ષોમાં આપણે-

૧. ૪૬ કરોડ ટન અતિ ઉપયોગી છાણનો પુરવઠો ગુમાવીશું.

૨. ૩૫૫ લાખ ટન દૂધ ગુમાવીશું.

૩. ૧૮ લાખ ટન શુદ્ધ ઘી ગુમાવીશું.

૪. ૭ કરોડ બળદ ગુમાવીશું.

શ્રી પારેખનું સૂચન ૧૯૭૮ના વર્ષમાં હતું. ૧૯૮૦ના વર્ષથી એમની સૂચનાનો અમલ કરવામાં આવે તો ૧૯૯૦ સુધીમાં એટલે કે દસ વર્ષમાં અઢી કરોડ સંકર ગાયો પેદા કરવા જતાં ઉપર મુજબ પરિણામ આવે. અલબત્ત તેમાંથી એક બાબતમાં પુરવઠો પ્રાપ્ત થાય. યાંત્રિક કત્તલખાનાંઓ માટે લગભગ અઢી કરોડ નર વાછરડાંનો પુરવઠો મળી શકે!

આ વાત બીજી રીતે વિચારીએ.

અઢી કરોડ સંકર ગાયોને જેટલો ચારો ખવડાવવો પડે, તેટલો ચારો આપણી સાત કરોડ ગાયોને પૂરો પડશે. અને એ સાત કરોડ ગાયો આપણને ૬૨૫ લાખ ટનની જગ્યાએ ૯૮૦ લાખ ટન દૂધ આપશે. દશ કરોડ ટન છાણની જગ્યાએ અઠ્ઠાવીસ કરોડ ટન છાણ આપશે. અઢાર લાખ ટન વધુ શુદ્ધ ઘી આપશે, અને સાત કરોડ ગાયોની સાથે સાથે સાત કરોડ બળદ પણ આપશે.

ઉપરનાં પરિણામો જોયા પછી અઢી કરોડ કે તેથી ઓછી કે વધારે સંકર ગાયો ઉછેરવી પ્રજાના હિતમાં રહેશે? કે દેશી ગાયો ઉછેરવી પ્રજાના હિતમાં રહેશે?

વિજ્ઞાનના નામે આ દેશના અર્થતંત્રના ભુક્કા બોલાવી દેવાના છે? વિજ્ઞાન અને ટેકનોલોજીના નામે પ્રજાના મોંમાંથી સાત્વિક દૂધ અને શુદ્ધ ઘી ખેંચી લેવાના છે?

વિજ્ઞાનના નામે આ દેશની હજારો વર્ષોથી સિદ્ધ થયેલી શુદ્ધ ઓલાદોનો નાશ કરવાનો છે? કોના દબાણથી, કોની સલાહથી, સરકારી તંત્રોએ આવું વિનાશકારી આયોજન અપનાવ્યું છે? પશ્ચિમમાંથી જે આવે તે બધું વૈજ્ઞાનિક, અને અહીંનું બધું જ અ-વૈજ્ઞાનિક?

જો આ દેશમાં પશુઓનો ઉછેર અ-વૈજ્ઞાનિક રીતે થતો હતો, તો માત્ર ચારસો વર્ષ પહેલાં એક વેતરમાં ૧૮,૦૦૦ રતલ દૂધ આપનારી એક નહીં - સંખ્યાબંધ ગાયોનો ઉછેર કેવી રીતે થયો હશે?

જો આ દેશમાં પશુઓનો ઉછેર અ-વૈજ્ઞાનિક હતો, તો ભારવાહન અને ખેતીના કામ માટે લાખો બળદો કેવી રીતે પૂરા પડતા હશે?

સંકર ગાયના ઉછેરથી જેમ જેમ છાણ, ઘી, બળદ, દૂધ અને દેશી સાંઢોનો પુરવઠો કપાતો જશે, તેમ તેમ પરદેશી પ્રજાજનોનાં હિતો આ દેશમાં વિકાસ પામતાં જશે અને સ્થિર થતાં જશે.

સરકારી તંત્રો આ દેશની પ્રજાનાં હિતોના રક્ષણ અને વિકાસ માટે છે કે પરદેશીઓનાં હિતો આ દેશમાં સ્થાપવા અને તેનો વિકાસ કરવા માટે છે?

સ્વરાજ્ય કોના હિતો આ દેશમાં વિકસાવવા માટે મળ્યું છે? ૩૭ વર્ષ સુધી પ્રજાએ કોથળામાં રખાયેલી પાંચશેરીના ઘા ખાધા છે. ઘણું મોડું થાય તે પહેલાં સ્વરાજ્ય પ્રાપ્તિના આ ગૂઢ કોયડાનું રહસ્ય ઉકેલવા વિદ્વાનોને નિમંત્રણ છે.

સંકર ગાયનું કૌભાંડ છતું કરવા ઉપર જે મુદ્દાઓ રજૂ કર્યા છે, તે ઘણા સંક્ષિપ્તમાં આપ્યા છે. અને બીજા અનેક મુદ્દાઓ સ્પર્શવાના બાકી રહી ગયા છે.

વૈજ્ઞાનિક ઉછેરના નામે આ દેશના પશુધન અને સમસ્ત પ્રજા ઉપર ફેંકાયેલું કાળચક્ર કોણ પાછું વાળી શકશે?

**બીજી આવૃત્તિ વેળાએ આ વિષય પર પરિશિષ્ટરૂપે
શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળ દ્વારા પ્રકાશિત
શ્રી અતુલભાઈ હિંમતલાલ શાહનો લેખ...**

# ક્રોસ બ્રિડિંગ વિષે

જર્સી, હોલ્સ્ટીન ગાયોનાં વાછરડા ખેતીના કામમાં આવતા નથી, તેથી તેને કતલખાનામાં જ શરણ મળે છે. જ્યાં જ્યાં એક્ઝોટિક ક્રોસબ્રિડિંગ (પરદેશી સંકરીકરણ)નાં મુખ્ય કેન્દ્રો છે, જ્યાં સંકરિત ગાયો માટે અનેક જાતની સગવડો અને સહાયતા આપવામાં આવે છે, ત્યાં પણ પૈસાદાર ખેડૂતોની ગાયો ભલે સંકરિત હોય, તો પણ બળદા તો દેશી નસલનાં જ રહે છે. વળી આ ગાયો ભારતની ગરમ આબોહવા સહન નથી કરી શકતી. તેને માટે ઠંડક આપે તેવા શીતગૃહો જોઈએ છે. કશું નહીં તો પંખા તો જોઈશે જ. ગરીબ ખેડૂતો જે પોતે જ સામાન્ય ઘરમાં રહે છે, એ બિચારો ગાયો માટે આવી વિશેષ વ્યવસ્થા કયાંથી કરી શકવાનો?

આ ગાયો સામાન્યપણે મળતા ઘાસચારા પર નથી રહી શકતી. ચરિયાણોમાં ચરવા જવાથી તેનું દૂધ ઘટી જાય છે. તેને પૌષ્ટિક આહાર- જેમાં મનુષ્યોનાં ખાદ્યાન્નો પણ છે - આપવા

પડે છે. એટલે કે આ ગાયો માણસનો આહાર પણ ખાઈ જાય છે. ઉપરાંત આમને પાણી પણ વધારે પ્રમાણમાં જોઈએ (રોજનું ૮૦ થી ૧૧૦ લિટર). ત્યારે જ દૂધ આપનારા આ મશીનોમાંથી દૂધ મળે છે. પછીની પેઢીઓમાં દૂધની માત્રા ઘટી જાય છે અને ધીમે ધીમે આ ગાયો ઉતરતી કક્ષામાં આવી જાય છે. મુસીબત અહીં અટકતી નથી. આ ગાયોની રોગપ્રતિકારક શક્તિ બહુ જ ઓછી છે. તેથી એ જરા જરામાં માંદી પડે છે. તેનો ઈલાજ પણ ભારે ખર્ચાળ બની જાય છે.

આવી આપણને માફક ન આવતી ગાયોની નસલને બહારથી લાવી દાખલ કરવાથી અને તેની સાથે સંકરીકરણની જે ઝુંબેશ ચાલી છે એ આપણું દુર્ભાગ્ય છે. વધારે દુ:ખદ અને ચિંતાજનક વાત એ છે કે આપણે અનુભવથી શીખવા અને તેમાંથી પાઠ લેવાનું જાણતા નથી. અંગ્રેજી શાસન હતું ત્યારે જ સં . . કરણ ઉપર તમામ પ્રયોગો થઈ ગયા હતા. તેને આપણે જરા ફરી યાદ કરી લઈએ. ભારતનાં પશુધનની નક્કર સેવા જે બે-પાંચ અંગ્રેજ અધિકારીઓએ કરી તેમાં સર આર્થરનું નામ ખાસ ઉલ્લેખનીય છે. તેઓ ૧૯૩૦ થી '૩૮ સુધી ભારત સરકારનાં પશુપાલન નિષ્ણાત તથા પ્રમુખ રહ્યાં. તે પહેલાં તેઓ દક્ષિણ આફ્રિકા અને ઈજિપ્તમાં મુખ્ય પશુપાલન અધિકારી રહી ચૂકયા હતાં. ઉપરાંત કેટલાક વર્ષો તેઓ અમેરિકા પણ રહ્યાં. આટલી અનુભવસંપન્ન વ્યક્તિને મુખ્ય અધિકારી પદે મુકવાથી ભારતમાં ગોસંવર્ધનને થોડાક સમય માટે યોગ્ય દિશા અને ગતિ મળેલી. આવા એક

અનુભવી અધિકારી પોતાના એક લેખ "ફોરેન બ્રિડઝ અનનેસેસરી"માં લખે છે:

ભારતમાં પશુ, ખાસ કરીને ગાય-બળદોનો વિકાસ કરવો એ ખરી રીતે ખૂબ મોટી સામાજિક અને આર્થિક મહત્ત્વની તેમજ તાત્કાલિક અગત્યની બાબત છે. તેના પર વિશેષ ધ્યાન આપવું જરૂરી છે. એ વાત બિલકુલ સ્પષ્ટ થઈ ગઈ છે કે ભારતમાં સામાન્ય નીતિ તરીકે યુરોપની ગાયોને દાખલ કરવી અનાવશ્યક અને અનુચિત છે. ઈમ્પિરીયલ કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિચર્સનાં પશુપાલન વિભાગનાં પ્રયોગોએ સાબિત કરી આપ્યું છે કે સાવધાનીપૂર્વક કરેલી પસંદગી, યોગ્ય આહાર અને સરખી સારસંભાળ થવાથી પચીસ વર્ષમાં જ શુદ્ધ ભારતીય નસલોની ગાયો દૂધ અને માખણનાં ઉત્પાદનમાં યુરોપીય ગાયોની આગળ નીકળી ગઈ છે. પ્રયોગોથી એ સિદ્ધ થઈ ગયું છે કે યુરોપીય વંશની ગાયો દેખરેખ, વ્યવસ્થા હોવા છતાં ધીરે ધીરે ઉતરતી કક્ષાની બની જાય છે. યુરોપીય સાંઢોથી સંકરીકરણનો કાર્યક્રમ શુદ્ધ ભારતીય ગો-નસલોને બરબાદ કરીને પારાવાર નુકસાન કરી ચૂકયા છે.

સને ૧૯૨૦-૩૦માં ફિજિયન નસલનાં વિદેશી સાંઢ મોટી સંખ્યામાં મંગાવવામાં આવ્યા. બ્રિટિશ સેનાનાં નોર્થ સર્કલ (પંજાબ સીમાંત પ્રદેશ તથા બલુચિસ્તાન)ના મિલિટરી ફાર્મો ઉપર દેશી નસલો સાથે ક્રોસ બ્રિડિંગનાં વ્યાપક પ્રયોગો થયા. જ્યારે પશુપાલન શાખાની પહેલી મિટિંગ થઈ, જેમાં ઉપરોક્ત પ્રાંતોના બ્રિટિશ

અધિકારીઓ પણ હતા, તેમાં સંકરિત ગાયોની ઉપયોગિતા ઉપર ચર્ચા ચાલી તો ત્યાં સૌનો એક જ અવાજ રહ્યો કે આ કાર્યક્રમ ભારતીય નસલોને બરબાદ કરે છે. એક ઠરાવ દ્વારા સેનાને વિનંતિ કરવામાં આવી કે સંકરિત વાછરડા, ગાયો અને સાંઢોને વંધ્ય કે ખસી કર્યા વગર લોકોને ન આપે. કેપ્ટન લિટલવુડ દ્વારા લિખિત "લાઈવ્હ સ્ટૉક ઓફ સધર્ન ઈન્ડિયા"ની ભૂમિકામાં સર ઓલ્વર લખે છે;

"આ પુસ્તકનું એ પ્રકરણ, કે જેમાં હોસુરમાં આંગ્લભારતીય નસલ તૈયાર કરવાનાં વ્યવસ્થિત પ્રયોગોની વિગતો આપવામાં આવી છે, એ મજેદાર છે. આ પ્રયોગો બતાવે છે કે વર્ષો સુધી અત્યંત અનુકુળ પરિસ્થિતિમાં સાવધાનીથી કરેલા પ્રયોગો છતાં સંકરીકરણનાં પરિણામો એકંદરે નિરાશાજનક રહ્યાં છે. આ નિષ્કર્ષો અને પરિણામો પૃથ્વીનાં ઉષ્ણકટિબંધીય બીજા પ્રદેશોમાં પણ યુરોપીય ગાયોની બાબતમાં આવેલા અનુભવોને અનુરૂપ જ છે. આ કટિબંધમાં, જેમાં અમેરિકાનાં દક્ષિણી રાજ્યો પણ સમાય છે અને જ્યાં પશુરોગોની સમસ્યા ઉપર મહદ્ અંશે કાબૂ મેળવી લેવાયો છે, ત્યાં પણ યુરોપીય ગાયો નથી ટકી શકતી. ભારતમાં આના ઘણાં પુરાવા છે કે યુરોપીય નસલ સાથે સંકરીકરણને કારણે દેશી ગો-નસલોને ભરપાઈ ન કરી શકાય તેટલું નુકસાન પહોંચ્યું છે. બીજી તરફ મિલિટરી ફાર્મોનાં પરિણામોએ એ સાબિત કરી આપ્યું છે કે સાયન્ટિફિર બ્રિડિંગ કંટ્રોલ (નસલ વિકાસ સંબંધી વૈજ્ઞાનિક નિયમન નિયંત્રણ) તથા યોગ્ય સંભાળથી

થોડા જ સમયમાં દેશી નસલોથી દુધાળું ગાયો વિકસિત કરવી સર્વથા સંભવ છે, જે યુરોપીય ગાયો તથા તેનાથી સંકરિત ગાયોની હરોળમાં ઊભી રહી શકે છે. એ બિલકુલ સ્પષ્ટ છે કે વર્તમાન હાલતમાં આજ નીતિ હશે."

મિ. જે. એડવર્ડ્સ "એગ્રિકલ્ચર એન્ડ વાઈલ્ડ લાઈવ્હ સ્ટૉક ઈન ઈન્ડિયા"ના જાન્યુઆરી ૧૯૩૫ના અંકમાં પ્રકાશિત પોતાના લેખ "મિલ્ક પ્રોડકશન ઈન ધ ટ્રૉપિક્સ"માં જણાવે છે;

"ઉષ્ણ કટિબંધીય ક્ષેત્રોમાં સંકરીકરણ દ્વારા નસલ સંવર્ધનની દૃષ્ટિથી યુરોપીય ગાયોને લાવવી એ મોટે ભાગે અસફળ સિદ્ધ થયું છે. એ ગાયોથી ઉત્પન્ન પહેલી પેઢી તો સંતોષપ્રદ માની શકાય છે. પણ ત્યાર પછીની પેઢીઓ એવા ક્ષેત્રમાં સંતોષપ્રદ સંવર્ધનને માટે પોતાનું આવશ્યક શરીર બંધારણ જાળવી શકતી નથી. ભારત જેવા ઉષ્ણ કટિબંધીય દેશમાં સામાન્ય ઘાસચારો અને દેખરેખથી રહેનારી દુધાળુ ગાયો પુરતા પ્રમાણમાં મેળવવાની સમસ્યાનો સાચો ઉકેલ દેશી નસલોનાં વિકાસમાં છે."

ભારતીય ગાયો અને વિદેશી ગાયોની દૂધની ક્ષમતાનો વિચાર કરતી વખતે જાણ્યે-અજાણ્યે એક ભારે મોટો ગોટાળો કરવામાં આવ્યો છે. મોટે ભાગે સારામાં સારી વિદેશી ગાયની સરખામણી ઉતરતી નસલની દેશી ગાય સાથે કરવામાં આવે છે. પરંતુ હકીકતમાં એક વિદેશી સંકરિત ગાય એક વેતરમાં ત્રણથી ચાર હજાર લિટર દૂધ આપે છે, જ્યારે આજે પણ બચી ગયેલી સારી

ગો-નસલોમાં લાલસિંધીને લગભગ ૫૫૦૦ લિટર, સાહિવાલને ૪૯૦૦ લિટર, થરપારકરને ૪૪૦૦ લિટર, તેમજ ગીર, કાંકરેજ, ઓંગોલ, ખાલંબ ગાયોને ૩૦૦૦ લિટરથી વધારે દૂધ આપતા આપણે જોઈએ છીએ.

આપણી વાસ્તવિક જરૂરિયાત તરફ પશુપાલન નિષ્ણાત મિ. મિજેએ યોગ્ય રીતે જ-ધ્યાન ખેંચ્યું છે. તેમણે કહ્યું હતું: "જો આપણે વિભિન્ન પ્રદેશોની નસલોનો વિકાસ કરવા માંગતા હોઈએ તો આપણે નીચેનાં લક્ષ્યોને નજર સામે રાખવા પડશે. (૧) જે પ્રદેશમાં જે પ્રજાતિનાં ગાય - બળદોનો પ્રવાહ પરંપરાથી હોય તેને જ વધારે મજબૂત અને સક્ષમ બને તે રીતે વિકસાવવા (૨) એ તે વિસ્તારમાં મળતા ચારા ઉપર સારી રીતે જીવી શકે એટલે કે આપણે માટે નસલોનાં ક્રોસ બ્રિડિંગ કરતાં અપગ્રેડિંગ (મૂળ જાતિને ઉન્નત કરવી) બધી રીતે સુરક્ષિત અને લાભદાયી છે."

પરંતુ બલિહારી છે એ લોકોની સમજણની, જેમણે બ્રિટીશકાળમાં થયેલા સંકરીકરણ અંગેનાં તમામ પ્રયાસોનાં અનુભવો અને નિષ્કર્ષોને કચરાપેટીમાં ફેંકી દઈ ગો-નસલોને બેકાર કરી દેવા કમર કસી, અને તે પણ ગોધનનાં વિકાસને નામે !

આ જોઈને એક પ્રસિદ્ધ વાક્યનું સ્મરણ થઈ જાય છે; "Fools rush in, where Angels fear to tread" એટલે કે જ્યાં દેવદૂત પણ પગ મૂકતા ડરે છે, ત્યાં મુરખાઓ બેધડક ધસી જાય છે.

> ક્રોસ બ્રિડિંગના વિષય પર નિષ્ણાતોની એક સમિતિએ આખા દેશમાં ફરીને એક રિપોર્ટ માર્ચ ૧૯૮૧માં બહાર પાડયો હતો. તે સર્વેમાં બેંગલોર અને તેની આસપાસના વિસ્તારનો રિપોર્ટ અલગથી બહાર પાડવામાં આવ્યો હતો, જે અત્રે આપેલ છે. **-પ્રકાશક**

ભારતમાં પ્રથમવાર આપણી ગાયો સાથે વિદેશી આખલાનું સંકરણ (ક્રોસ બ્રિડિંગ) પૂરેપૂરા ઉત્સાહ સાથે બેંગલોર શહેરના મિલીટરી ડેરી ફાર્મમાં કરવામાં આવ્યું હતું. ધીમે ધીમે એનો પ્રસાર થતો ગયો અને હવે બેંગલોરના ઘણાં નાગરિકોએ પોતાના કુટુંબની આવક વધારવા ક્રોસ બ્રિડિંગના ક્ષેત્રે ઝંપલાવ્યું છે. એટલે આસપાસના વિસ્તારોને પશુચિકિત્સાની સેવાઓ આપવા નેશનલ ડેરી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અને ઈન્ડો-ડેનિશ પ્રોજેક્ટ જેવી યોજનાઓ પહેલા બેંગલોરમાં નાખવામાં આવી એમાં કોઈ આશ્ચર્ય નથી. આ કાર્યક્રમ હાથ ધરવા સરકારી ઓફિસરો અને બીજા કર્મચારીઓ પણ આકર્ષાયા હતા અને તેમને તો રાજ્ય સરકારના પશુ સંવર્ધન ડિરેકટોરેટ તરફથી જોઈતી પશુચિકિત્સાની સેવાઓ સહેલાઈથી મળી જવાનો એક વધારાનો લાભ હતો. બેંગલોરમાં એવા આદર્શ ખાનગી ડેરી ફાર્મ પણ છે, જેમાંથી વ્યવસાયી સેવાઓ મળી રહે છે. ઉપરાંત, આ કાર્યક્રમને બેન્ક લોન અને રાજ્યાશ્રયનું પણ પીઠબળ છે. આ બધી સગવડો જોતા પચાસ વરસના સમયગાળા દરમિયાન પશુ સંવર્ધનના મૂળ સુદૃઢ અને સદ્ધર થઈ જવા જોઈતા

હતા. એટલા માટે, કઈ સિદ્ધિઓ મેળવાઈ છે એ જાણવા શહેરના દરેક વોર્ડનું સર્વેક્ષણ કરવા માટેનો આ એક ફીટ (યોગ્ય) કેસ હતો અને એટલે આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી.

આ રિપોર્ટમાં આપેલ વિગતો ભારતમાં પશુ સંવર્ધનને લગતા નિર્ણયો લેતા સત્તાવાળાઓ માટે દીવાલ પર લખેલું સત્ય બની રહેવું જોઈએ, કારણ કે દૂધનું ઉત્પાદન વધારવાના સ્વરૂપે માલધારીઓને વધારાની આવક કરી આપવાના નામે તેમના પર જે કંગાલિયત લાદવામાં આવે છે એનો આ વિગતો બોલતો પુરાવો છે. જેમનું વિદેશી આખલા સાથે ક્રોસ બ્રિડિંગ કરાવ્યું હોય એવી ગાયોમાં દૂધનું ઉત્પાદન પેઢી દર પેઢી ઘટી રહ્યું છે અને બળદનું અસ્તિત્વ જ ભુંસાઈ જવાની તૈયારીમાં છે. ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ સમા કૃષિ ક્ષેત્રના જતન માટે બળદનું સંખ્યાબળ જાળવવું અતિ મહત્ત્વનું છે.

આ સર્વેક્ષણ છેલ્લા પાંચ દાયકા દરમ્યાન બેંગલોર મહાપાલિકા હેઠળના વિસ્તારમાં ઢોરના વિદેશી ક્રોસ બ્રિડિંગની સામાન્ય અસરનો અભ્યાસ કરવા હાથ ધરાયું હતું. હજુ સાઠ વરસ પહેલાં અમૃત મહલ અને હાલ્લિકર પશુ સંવર્ધન માટે જાણીતી પેઢીઓ હતી, જે દૂધ અને બળદ આપી લોકોની જરૂરિયાત પૂરી કરતી હતી. શહેરોમાં દૂધની વધુમાં વધુ માંગ હોવાથી સંખ્યાબંધ દૂધાળી ગાય રાખવામાં આવી હતી અને ગામડાની ગાયો કરતા એમની સારી સંભાળ લેવાતી હતી. કારણ કે ગામડાના લોકોને મન બળદની કિંમત વધુ હોય છે. બળદનો ખેતર ખેડવા અને

સિંચાઈ માટે તેઓ ઉપયોગ કરે છે. જૂની પેઢીના લોકો હજુ પણ અમૃત મહલ અને હાલ્લિકર બ્રીડની ગાયો કેવી રોજ ૧૦ થી ૧૨ લિટર અને કયારેક ૧૫ લિટર દૂધ આપતી એ યાદ કરે છે. આવી સારી ઓલાદની ગાયો એ વખતે બેંગલોર અને એની આજુબાજુના વિસ્તારોમાં દૂધ પુરવઠા માટે રાખવા અને ઉછેરવામાં આવતી. જ્યારે નબળી ઓલાદોની ગાયોનું સંખ્યાબળ અંતરિયાળ ગ્રામ્યવિસ્તારોમાં વધતું જતું હતું અને ત્યાં બળદ જેવા નર જાતિના ઢોર પર વધુ ધ્યાન અપાતું હતું. એટલે એ સમજવું મુશ્કેલ નથી કે સંકરવર્ણ માટે આ બે જાતની ગાયને બહુમૂલ્ય ઓલાદો તરીકે વિકસાવવા આશ્રય આપવામાં આવ્યો અને એમાંથી થતી આવકે શહેરના દૂધ ઉત્પાદક પશુઓને પશ્ચાદભૂમિમાં ધકેલી દીધા, તેમનું મહત્ત્વ ઘટી ગયું. આમાં એક સમય એવો આવ્યો કે નગરો અને મોટા શહેરોમાં ઘટતા જતા દૂધ પુરવઠાએ લોકોને એનો શકય ઉપાય શોધવાની ફરજ પાડી. એ ઉપાયરૂપે સમાજના ઉચ્ચ, સંપન્ન અને વગદાર લોકો દ્વારા પશ્ચિમના ઢોર લાવવામાં આવ્યા. વિદેશી ઢોરની વિવિધ જાતોનું આગમન અને તેને લીધે દૂધના ઉત્પાદનનો વધારો બહુ પ્રોત્સાહક પુરવાર થયો. એટલે લોકોમાં પશ્ચિમથી કોઈ એક નહિ પરંતુ વિવિધ જાતિના ઢોર. પશુઓ લાવવાનું વલણ જોર કરી ગયું, આ પહેલા બ્રિટિશ શાસન દરમિયાન અરીશાયર અને નાના શિંગવાળા સાંઢની આયાત થતી. પછીથી દક્ષિણ ભારતમાં બીજી ઓલાદોના આખલા આવ્યા, જેમાં મૈસુરના મહારાજાએ એ વખતના એક દૂધવાળાની નિષ્ણાત સલાહ મુજબ હોલસ્ટિન ઓલાદના આખલાને

વધારે પ્રોત્સાહન અને આશ્રય આપ્યો. સમય વહેતો ગયો અને ભારત આઝાદ થયું ત્યારે ફક્ત દૂધવાળા નહિ પણ ડેરી સોસાયટીઓ અને ડેરી સહકારી મંડળીઓ અસ્તિત્વમાં આવી અને બીજા ઘણા વિદેશી દેશોમાંથી અન્ય ઓલાદોના ઢોર આવવાની શકયતા વધી. બેંગલોરમાં નેશનલ ડેરી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના નિશંકપણે દેશી ઓલાદના (મોટાભાગે અમૃત મહલ અને હાલ્લિકર જાતના) ઢોરના વિદેશી ઢોર સાથેના ક્રોસ બ્રિડિંગનો પ્રયોગ કરવા વિવિધ ઓલાદના પશુઓની આયાત માટેનું માધ્યમ બની ગઈ. આ પ્રયોગમાં ખાનગી ડેરીવાળાઓ પણ જોડાયા અને ગાયોમાં પેઢી દર પેઢી દૂધનું ઉત્પાદન વધતું જશે એવી માન્યતાને કારણે તેમણે જર્સી, રેડ ડેન અને બ્રાઉન સ્વિશ જાતના સાંઢનો ક્રોસ બ્રિડિંગ માટે ઉપયોગ કરી જોયો. દૂધનો ધંધો ઝડપથી ડેરી ઉદ્યોગનું રૂપ ધારણ કરી રહ્યો હોવાથી જોતજોતામાં એવી માન્યતા પ્રસરી ગઈ કે ગમે તે ઓલાદના આયાતી પશ્ચિમી આખલા સાથે તમે દેશી ગાયનું ક્રોસ બ્રિડિંગ કરાવો એટલે એ બહુ નફાકારક પુરવાર થશે.

થોડા વખત માટે બધું બરાબર ચાલ્યું અને આખા દેશમાં એવો બહોળો પ્રચાર થઈ ગયો કે પોતાની ગાય કે ભેંસનું વિદેશી પાડા કે આખલા સાથે ક્રોસ બ્રિડિંગ કરાવીને અથવા તો આવા ક્રોસ બ્રિડિંગથી પેદા થયેલા ગાય, ભેંસ જેવા દૂધાળા જાનવરને પાળીને નાનો ખેડૂત કે માલધારી સારી આવક ઊભી કરી શકે છે. એ વખતે વાયેલા આ વહેણમાં તરવા માટે કોઈએ વધારે

શ્રમ કે પરિશ્રમ નહોતો ઉઠાવવો પડતો. એ તો ગરીબ ખેડૂતો અને રબારીઓને છેક હમણાં એટલે કે છેલ્લા આઠથી દસ વરસમાં સમજાયું છે કે આ શમણું સાવ નિર્દોષ આશીર્વાદ સમાન નહોતું અને તેમને ઢોરના ક્રોસ બ્રિડિંગથી સર્જાનારી આ પ્રમાણેની ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડશે.

(અ) વિદેશી આખલા કે પાડા સાથેના ક્રોસ બ્રિડિંગમાંથી જન્મેલી ગાય કે ભેંસના ચારા અને તેની સંભાળ પાછળ વધુ ઊંચો ખર્ચ ભોગવવો પડશે,

(બ) એનું સ્વાસ્થ્ય હંમેશા સારું રાખવું પડશે,

(ક) એનું સમયસર ગર્ભાધાન કરાવવું પડશે અને એ પણ એક જ આખલા કે પાડા સાથે બીજીવાર સંવર્ધન કરાવ્યા વગર,

(ખ) દૂધના નિયમિત સારા પ્રાપ્તિભાવ મેળવવા પડશે; અને

(ગ) આ બધાથી ચડી જાય એવી બાબત તો ગાયના વાછડા અને ભેંસના પાડાને ઉછેરવાની હતી કારણ કે એ તો એક એવો ખર્ચાળ બોજ હતો, જેની બજારમાં કોઈ કિંમત નહોતી અને ખેતી કે બીજા કોઈ કામમાં એમનો ઉપયોગ થઈ શકવાનો નહોતો. બીજું, વાછડા કે પાડાને કસાઈ સિવાય બીજું કોઈ ખરીદનાર નહોતું એટલે એમને કસાઈને વેચી દીધા સિવાય છૂટકો નહોતો.

તાજેતરના વરસોમાં આ વ્યાપક ફરિયાદોમાં ઘણી બધી

ભરતી આવી છે અને એની તીવ્રતા આખા દેશમાં એટલી વધી ગઈ છે કે અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘે પરિસ્થિતિ કાબૂ બહાર નીકળી જાય અને એને સુધારવાનો કોઈ ઉપાય ન રહે એટલી હદ સુધી વણસે એ પહેલા એની નોંધ લીધી. એટલા માટે કૃષિ ગોસેવા સંઘે કાર્યરત થઈ ઝડપથી પગલાં લેવા પડયા.

શરૂઆતમાં ઉલ્લેખ કર્યો છે તેમ વિદેશી ઢોર સાથેનું ક્રોસ બ્રિડિંગ લગભગ ૬૦ વરસ પહેલાં મોટાભાગે બેંગલોરની આસપાસ શરૂ થયું અને ત્યારથી એમાં વેગ આવતો ગયો. બેંગલોરમાં જાહેર હિત માટે કામ કરતી ઘણી સામાજિક સંસ્થાઓ પણ છે. તેઓ અમને વિદેશી ક્રોસ બ્રિડિંગના સર્વેક્ષણમાં મદદરૂપ થઈ આ બાબતમાં અમને રબારીઓ અને માલધારીઓના મતની જાણ કરી શકે તેમ હતા. વિદેશી ઢોર આપણા ઢોરના ક્રોસ બ્રિડિંગ વિશે માલધારીઓએ શું જોયું હતું, અનુભવ્યું હતું અને અપનાવ્યું હતું, એ જાણવું અમારા માટે જરૂરી હતું. વિશાળ સંપર્કો ધરાવતા આવા સામાજિક સંગઠનોના કાર્યકરો મારફત આવું સર્વેક્ષણ અને આકારણી કરાવવા માટે બેંગલોરથી વધુ કોઈ સારું સ્થળ વિચારી જ નહોતો શકાતો. આ કાર્યકરો માલધારીની ભાષા જાણતા, એમની વચ્ચે જતા અને જરૂરી માહિતી મેળવવા એમની અંદર એક પ્રકારનો વિશ્વાસ જગાવી શકતા હતા. આ ઉદ્દેશ માટે સરકારી યંત્રણાનો ઉપયોગ થયો હોત તો ઘણો લાંબો સમય લાગી જાત, એક તાકીદની બાબત વિલંબમાં પડત અને લોકો એને કદાચ સંપૂર્ણ સત્ય તરીકે સ્વીકારત પણ નહિ.

એક સૌથી અનુભવી અને વરિષ્ઠ પશુ સંવર્ધક શ્રી ડી. એમ. બુર્ડેને આ વિશેષ કામગીરી માટે ૧૯૮૧ની ૧૩મી જાન્યુઆરીથી ૧૩મી ફેબ્રુઆરી સુધી બેંગલોરમાં ફરજ પર મૂકવામાં આવ્યા. આ પહેલા વિવિધ જાહેર સંગઠનોને એમની મદદ માગતો પત્ર લખી અને આ કામ હાથ ધરનાર સ્વૈચ્છિક સર્વેયરોને માર્ગદર્શન આપવા એક પ્રશ્નોત્તરી તૈયાર કરીને એક નિશ્ચિત પશ્ચાદ્ભૂમિકા તૈયાર કરી લેવાઈ હતી. શ્રી બુર્ડેને તો સ્થાનિક ભાષા આવડતી અને તેઓ બેંગલોર શહેરની ભૂગોળથી સુપેરે પરિચિત હોવાથી એમને માટે પરિસ્થિતિ વધુ સાનુકૂળ હતી. એને લીધે કામ સરળ થઈ ગયું અને ઝડપથી પરિણામ હાંસલ થયું. સ્વૈચ્છિક સર્વેયરોને ઘરે ઘરે જઈ પ્રશ્નપત્રિકામાં જોઈતી માહિતી ભેગી કરવાની વિનંતી કરાઈ હતી. અમે આવા પ્રતિબદ્ધ અને સ્વૈચ્છિક કાર્યકરોના આભારી છીએ, જેમણે નિર્ધારિત પ્રશ્નપત્રિકામાં માહિતી ભેગી કરી અને ઢોર માલિકો તથા સર્વેયરોની સહીઓ સાથેના ફોર્મ સમય પર સુપરત કર્યા. શ્રી બુર્ડેને માહિતી ભરેલા ફોર્મ મળ્યા અને તેમણે એમનું રોજે રોજ વર્ગીકરણ કર્યું અને સારાંશ કાઢયો.

આ સર્વેક્ષણ માટે બેંગલોરની નીચે મુજબની જાહેર સંસ્થાઓના કાર્યકરોની મદદ લેવામાં આવી હતી.

૧. ગાંધી સાહિત્ય સંઘ

૨. કર્ણાટક સર્વોદય સંઘ

૩. કર્ણાટક સર્વોદય મંડળ

૪. કર્ણાટક ચિત્રકલા પરિષદ

૫. વલ્લભ નિકેતન

૬. પ્રાકૃતિક ચિકિત્સા પરિષદ.

આ સર્વેક્ષણમાં કુલ મળીને ૧૬૦૦ રબારીઓ અને માલધારીઓનો સંપર્ક સધાયો હતો અને ડેરીના ધંધામાં તેમના ૩૦ વરસના ગાળા દરમ્યાન લગભગ જે ૬૫૦૦ ઢોર સાથે વિદેશી ઢોરનું ક્રોસ બ્રિડિંગ કરવામાં આવ્યું હતું એની આકારણીનો આ સર્વેક્ષણમાં સમાવેશ છે. વિદેશી ક્રોસ બ્રિડિંગનો દસ વરસથી વધુ અનુભવ ધરાવતા લોકોની ટકાવારી પશુ સંવર્ધકોની કુલ ટકાવારીના વીસ ટકાથી વધુ નથી. એમ લાગે છે કે આ નવા સાહસમાં તાજેતરમાં ઝંપલાવનારા લોકો પોતાના સિનિયરોના પ્રચારથી દોરવાઈને એ તરફ લલચાયા હતા. મોટાભાગના કેસમાં દૂધનું કુલ ઉત્પાદન દસ લિટરથી પણ ઓછું છે અને દરેક ગાય સરેરાશ ૨ થી ૬ લિટર દૂધ આપે છે.

આપણે કદાચ એવી સામાન્ય માન્યતાને સ્વીકારી લઈએ કે વિદેશી ક્રોસ બ્રિડિંગથી પેદા થયેલા ઢોરની પહેલી પેઢી (એફ) પોતાનું દૂધનું ઉત્પાદન વધારી આપે છે. છતાં વધુ મહત્ત્વની વાત તરીકે તો એ જાણવું જરૂરી છે કે શું વિદેશી ઢોર સાથેના ક્રોસ બ્રિડિંગને કારણે ડેરી ઉદ્યોગ એક સતત નફો રળી આપતો વેપાર બન્યો છે ખરો? બીજું, (અ) દરેક ઢોરમાં અને એમની

પેઢીએ પેઢીએ બદલાતા દૂધના ઉત્પાદન અને (બ) તેમના ઘાસચારા અને સંભાળ પાછળ થતા ખર્ચ તથા બોજરૂપ બની જતા વાછડા કે પાડાને નિભાવવા માટેનો ખર્ચ, આ બધું જોતા ક્રોસ બ્રિડિંગથી પેદા થતા જનાવરો પાછળનો ખર્ચ અને તેમના દૂધ ઉત્પાદનમાંથી થતી આવકમાંથી મળતો નફો વધારે છે ખરો?

પોતાને બેન્ક લોન લેવાથી લાભ થયો છે કે નહિ એનો સ્પષ્ટ જવાબ આપીને ઘણા ઢોર માલિકોએ ઉપર જણાવેલા અને બીજા મુદ્દા બહાર લાવવાનું કામ કર્યું છે. ૧૬૦૦થી વધુ ઢોર માલિકો પાસેથી મળેલા જવાબોના આધારે આપણે ગામડાના નાના દૂધ ઉત્પાદકોએ વ્યક્ત કરેલી ફરિયાદો પર એક પછી એક વિચાર કરીશું. આ દૂધ ઉત્પાદકો ડેરીના નફાકારક ધંધા માટે પોતાના ઢોરનું વિદેશી સાંઢ કે આખલા સાથે ક્રોસ બ્રિડિંગ કરવા લલચાયા હતા. પરંતુ વહેલા-મોડા તેઓ એવા નિષ્કર્ષ પર આવ્યા કે આ સાહસ લાંબા સમયે લાભકારક નથી નિવડતું અને આ જુગટું નીચે આપેલા કારણોસર ઈચ્છનીય નથીઃ

(૧) ક્રોસ બ્રિડિંગથી જન્મેલા નાજુક ઢોરને આખું વરસ મોટાભાગે ગમાણમાં રાખીને જ લીલો ઘાસચારો અને યોગ્ય પૌષ્ટિક ખોરાક આપવો પડે. ઉપરાંત આવા ઢોરને સખત ગરમી અને ભારે વરસાદ જેવી આકરી આબોહવા જંગલી વનસ્પતિ અને તેનાથી થતા રોગ તથા બીજા જૂના-નવા ચેપી રોગ સામે સતત રક્ષણ આપવું પડે. ભારતના કેટલાક માલધારીઓએ ભરેલા ફોર્મમાંથી મળતી માહિતી મુજબ ગામડામાં પશુચિકિત્સાની સગવડ

જલદીથી અને સહેલાઈથી મળતી નથી. ઉપરાંત એ ખર્ચાળ છે અને એમાં ભ્રષ્ટાચાર પણ ચાલે છે.

(૨) **કૃત્રિમ ગર્ભાધાનની સમસ્યા :** કૃત્રિમ ગર્ભાધાન પણ સફળ નથી થતું. વારંવાર કૃત્રિમ ગર્ભાધાન માટે આવતા ઢોર સામાન્ય બાબત છે. કોઈકવાર તો તેમને ૩ થી ૮ વાર કૃત્રિમ ગર્ભાધાન કરાવવું પડે છે. ઉપરાંત, વિદેશી ક્રોસ બ્રીડથી જન્મેલા નકામા પશુઓની જાળવણી પાછળના ઊંચા ખર્ચની પણ ઉપેક્ષા ન થઈ શકે, વધુમાં કૃત્રિમ ગર્ભાધાન મારફત કેટલાક નવા રોગનો ઉપદ્રવ થવાનું જોખમ રહે છે.

(૩) **દૂધના ભાવ :** ખેડૂતો માટે વિદેશી ક્રોસ બ્રિડિંગથી જન્મેલા ઢોર જે દૂધ આપે છે એ વધારાના મામૂલી કે નહિવત ખર્ચ અને શ્રમ વિના લાભકારક સાઈડ બીઝનેસ બની રહે છે, એવો દાવો એક મોટો ભ્રમ પુરવાર થયો છે. આનાથી ઊલટું, દૂધ ભેગું કરતી એજન્સીઓ દૂધના બહુ ઓછા ભાવ આપે છે. હવે ઘાસચારા અને ખોળના ભાવ આસમાને ગયા હોવાથી તેમાં રુશવતખોરી ચાલે છે અને તેના કાળાબજાર થાય છે. પરિણામે દૂધનું ઉત્પાદન ખર્ચાળ બની રહે છે. ગામડાના લોકોને લિટર દીઠ ૨૫ થી ૭૫ પૈસા જેટલી ખોટ જાય છે. શહેરોમાં દૂધના ભાવમાં વખતો વખત વધારો થાય છે ત્યારે નાના દૂધ ઉત્પાદકોને એનો કોઈ લાભ મળતો નથી. દૂધ ઉત્પાદકો તરફથી પોતે દેવાદાર હોવાની અથવા તો માથે કરજ થઈ જવાની બીક હોવાની ફરિયાદો પણ મળી છે. કેટલાક ત્રસ્ત ખેડૂતોએ નિરાશાથી ઘેરાઈને

પોતાનો સૈકાઓ જૂનો ધંધો ત્યજી દેવાની ઈચ્છા વ્યક્ત કરી છે અને એનો વિકલ્પ પણ માગ્યો છે. કેટલાક ઢોર માલિકોની એવી માગણી છે કે અમારા માટે સસ્તો ઘાસચારો પૂરો પાડે એવી ફોડર બેન્કો ઊભી કરો અને મફતમાં પશુચિકિત્સા મળે એવી વ્યવસ્થા કરો.

(૪) **બેન્ક લોન :** ખેડૂતોને બેન્ક લોન એટલા માટે આપવામાં આવે છે કે તેઓ ક્રોસ બ્રિડિંગથી જન્મેલાં વિયાયા વિનાની ગાય કે ભેંસ ખરીદી તેને તંદુરસ્ત રાખી શકે, તેમનું કૃત્રિમ ગર્ભાધાન કરાવે અને તેઓ વિયાય નહિ ત્યાં સુધી (પ્રસૂતિ વખતે તેમને વાછડી કે પાડી આવે એવી ઈચ્છા સાથે) તેમના ઘાસચારાનો ઊંચો ખર્ચ ઉઠાવી શકે. પછીથી ખેડૂતોએ બાંધેલા નીચા ભાવે દૂધ વેચી લોનની રકમ ચુકવવી પડે છે. આ રીતની લોન બધાને નથી મળતી અને તેની શરતો ગરીબ ખેડૂતો માટે અનુકૂળ નથી હોતી કારણ કે તેણે જામીનગીરી રજૂ કરવી પડે છે અને ક્રોસ બ્રિડિંગથી જન્મેલા ઢોર માટે લીલો ઘાસચારો ઊગવવા તેણે જમીનનો એક ભાગ અનામત રાખવો પડે છે. આ બેન્ક લોનની પદ્ધતિમાંથી કેટલીક એવી અડચણો છે, જેને લીધે નાનો ખેડૂત બેન્ક લોન લેવાથી દૂર ભાગે છે. કેટલાક ઢોર માલિકો મોટી લોનના બોજ હેઠળ કરજદાર બનીને ઉહંકારા નાખી રહ્યા છે. કેટલાકે તો એવું સૂચન કર્યું છે કે અમને ઓછામાં ઓછી ખોટ થાય એ માટે સરકારે સબ્સિડી આપવી જોઈએ.

(૫) **રોગ અથવા મૃત્યુથી થતું નુકસાન:** ઢોર મરી જાય કે

રોગિષ્ટ બને ત્યારે ગરીબ માલધારી લાચાર બની જાય છે કારણ કે તેના માથે લોનનો મોટો બોજ હોય છે. એવી પરિસ્થિતિમાં એને પશુચિકિત્સા મફતમાં, સહેલાઈથી કે જલદીથી નથી મળતી કારણ કે એમાં રુશવતખોરી ચાલે છે. વધુમાં, ખોળ અને ઘાસચારાના વધતા જતા ભાવ અને તેના કાળાબજારે ગામડાના ઘણાં ગરીબ લોકો માટે દૂધનું ઉત્પાદન એક ખોટનો ધંધો બનાવી દીધો છે.

(૬) **વાછડા અને પાડાની જવાબદારી :** વિદેશી ક્રોસ બ્રીડથી જન્મતા વાછડા કે પાડાની જવાબદારી એ આપણા કૃષિક્ષેત્ર અને ગ્રામ્ય અર્થતંત્ર પર બહુ વિનાશક અસર કરી છે. દેશમાં બળદની અછત વધતી જ જાય છે. કર્ણાટક જેવા શહેરમાં પણ વિદેશી ક્રોસ બ્રીડથી જન્મેલા વાછડા કે પાડા ખેતીના કે જમીન ખેડવાના કામ માટે લોકોને સ્વીકાર્ય નથી બન્યા. કર્ણાટકમાં તો ક્રોસ બ્રિડિંગ માટે હાલ્લિકરના ઢોરનો ઉપયોગ થતો હોવા છતાં આ પરિસ્થિતિ છે. ખેતીના કામ માટે પણ ખેડૂતો વિદેશી ક્રોસ બ્રિડિંગથી જન્મેલા વાછડાને બદલે વસૂકી ગયેલી ગાયને કે ભેંસને પસંદ કરે છે. એ માટે તેઓ એવું કારણ આપે છે કે વિદેશી ક્રોસ બ્રિડિંગથી પેદા થયેલા આ વાછડા કે પાડા આ નાના કદની હાલ્લિકર ગાય જેટલું પણ કામ નથી આપી શકતા. આમ વાછડા કે પાડા એક જવાબદારી બની જાય છે, તેમનું કોઈ બજાર રહેતું નથી અને તેમને બળદ તરીકે ઉછેરવામાં પણ બહુ ખર્ચ થાય છે અને અનિશ્ચિતતા રહે છે. એનાથી વિરુદ્ધ જે સાવ ખોટો ખર્ચ થાય છે એને તથ્યો તરફથી સમર્થન નથી મળતું કારણ કે

બળદની અછત વધુ ને વધુ ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે અને ગરીબ ખેડૂતોને જો વિદેશી ક્રોસ બીડથી જન્મેલા બળદમાં સારો વિકલ્પ મળતો હોય તો ર થી ૪ હજાર રૂપિયા ખર્ચીને હાલ્લિકરના બળદ ખરીદે એટલા તેઓ મૂરખ નથી. વિદેશી ક્રોસ બ્રિડિંગથી જન્મેલા વાછડા કસાઈ માટેનું માંસ બની રહે છે અને તેઓ ખેતી માટેના બળદ કદી નથી બની શકતા.

(૭) **ડહાપણનું પગલું :** આ દુઃખદ અનુભવમાંથી બોધપાઠ લઈને અંતે ઢોર માલિકો અને વિદેશી ક્રોસ બ્રિડિંગ કરાવતા સંવર્ધકોએ ક્રોસ બ્રિડિંગની ગાયો-ભેંસોને વેચી નાખવાનું શરૂ કર્યું. એનો અર્થ એવો થયો કે તેઓ પોતાના દુર્ભાગ્યમાંથી બચવા આ દૂષણને નવા નિશાળીયાઓના ગળામાં પહેરાવી દે છે. દૂધ માટે પોતાના ઢોરનું વિદેશી ઢોર સાથે ક્રોસ બ્રિડિંગ કરાવવાનું ચાલુ રાખીને પોતે ગંભીર ખતરો નોતરશે એવું જાણીને દૂધ ઉત્પાદક પોતાના ક્રોસ બ્રિડિંગથી જન્મેલા ઢોર બજારમાં વેચી મારે છે, માન્યતા પ્રાપ્ત એજન્ટો મારફત બજારમાં આવા બે મહિનાના વાછડા ૪૦૦ રૂપિયામાં અને વીયાવાની હોય એવી યુવાન ગાય રૂા. ૪૦૦૦માં સહેલાયથી વેચાય જાય છે.

(૮) **બોધપાઠ :** પહેલી પેઢીના ઢોર પાસેથી વધુ દૂધ મેળવવાના એક માત્ર ઉદ્દેશથી વિદેશી ઢોર સાથેનું ક્રોસ બ્રિડિંગ ચાલુ રાખવાના પગલામાંથી એવી ચેતવણી મળે છે કે:

(અ) દેશના દૂધના ઉત્પાદનમાં વરસો વરસ અને ઉત્તરોત્તર કોઈ

વધારો નહિ થાય.

(જ) કૃષિ ઉત્પાદન માટે દેશમાં બળદ માટેની માંગ વધતી જ જશે.

(ક) દેશમાં ઢોરની દેશી (મૂળ) ઓલાદમાં કોઈ સુધારો નહિ થાય.

(ખ) દેશ ફક્ત દૂધની બાબતમાં જ નહિ પણ અનાજ માટે પણ વિદેશી સહાય પર વધુ ને વધુ આધાર રાખતો થઈ જશે.

(ગ) નકામા અને બોજરૂપ ઢોરની સંખ્યા ભારતમાં વરસોવરસ ગુણાકારરૂપે વધતી જશે.

(ઘ) ભારત ખેતી પ્રધાન દેશને બદલે માંસની નિકાસ કરતું આગેવાન રાષ્ટ્ર બની જશે.

ઉક્ત સર્વેક્ષણના પરિપ્રેક્ષ્યમાં કોઈ એમ કહી શકે કે એક રાષ્ટ્ર તરીકે આ બધુ આપણા હિતમાં છે અથવા તો એ ગાંધીજીએ જોયેલા આદર્શ ભારત માટેના સ્વપ્નની પરંપરા સાથે બંધબેસતું આવે છે?

ફક્ત વિદેશના દૂધાળા ઢોરના ઉછેરને પ્રોત્સાહન આપવાની ભારત સરકારની ખોટી અને ટૂંકી દૃષ્ટિવાળી નીતિને કારણે આપણું પશુધન લુપ્ત થવાની નજીક પહોંચી ગયું છે. આપણા દેશમાં વિદેશી ગાયોને કારણે દૂધની નદીઓ વહે છે એવી માન્યતા પણ એક ભ્રમણા છે. આવી ગાયોની જાળવણી પાછળ પણ અધધધ ખર્ચ થાય છે. આવી ગાય રાખનારાઓ પણ કબૂલે છે કે આવી ગાય રાખવાથી કાંઈ લાભ નથી થતો.

બીજી તરફ આપણા દેશી પશુધનની સંપૂર્ણ ઉપેક્ષા થઈ રહી છે. આપણી ગાયો દૂધ આપવામાં ખરેખર બિલકુલ નબળી નથી. યોગ્ય ચારો આપવાથી તેમનું દૂધનું ઉત્પાદન ચોક્કસપણે વધશે. પરંતુ છેલ્લા થોડાક વરસોથી સરકારે અપનાવેલી ખોટી નીતિઓને કારણે આપણું સ્વદેશી પશુધન દરિદ્ર બની ગયું છે. તમામ ઢોરને કતલખાના ભેગા કરવામાં આવે છે. આપણે આખા દેશમાં ઢોરના ટોળેટોળાને કતલખાના તરફ લઈ જવાતા જોઈએ છીએ. ટૂંક સમયમાં જો આ ચલણ બંધ નહિ કરવામાં આવે તો વિદેશી રાષ્ટ્રોમાં પણ દૂધ ઉત્પાદન માટે ઈનામ મેળવનાર શ્રેષ્ઠ ઓલાદના પશુધન નાશ પામશે.

આપણા દેશની તાતી જરૂરિયાત બંને હેતુઓ માટે પશુધન મેળવવાની છે - એક તો દૂધ માટે ગાય-ભેંસ અને બીજું ખેતી તેમજ પરિવહનના ઉદ્દેશ માટે બળદ. આ ઉદ્દેશની પૂર્તિ આપણા દેશી ઢોરના ઉછેરને પ્રોત્સાહન આપીને જ થઈ શકે. આજે પણ આપણા દેશમાં એક કરોડથી વધુ બળદગાડાં છે. આપણે ગાડા માટે બળદની આયાત કરી શકીએ નહિ. વિદેશી ઢોરમાંથી આપણને મળતા આખલા આપણા નાના ખેડૂતોની જરૂરિયાતો પૂરી નથી કરી શકતા. આપણી પાસે જે નાના કદના ખેતરોની જમીનો છે એ માટે ટ્રેક્ટરનો ઉપયોગ એકદમ અવ્યવહારુ છે. ગાંધીજીએ દૂધ અને ખેતર ખેડવાના - બેવડા હેતુઓ માટે ઢોર ઉછેરવાની જરૂરિયાત વિશે લખ્યું હતું.


અત્યારે તો બહુ મોડું થઈ ચૂકયું છે અને આપણા પશુધનનો

નાશ કરવાની બાબતમાં આપણે ઘણા આગળ નીકળી ગયા છીએ. એટલા માટે ભારત સરકારને પોતાની નીતિ વિશે પુનર્વિચાર કરી આપણાં ઢોરના યોગ્ય ઉછેરને સંપૂર્ણ ટેકો આપવા જરૂરી પગલાં લેવાની વિનંતી કરવાની રહે છે.

અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘે હાથ ધરેલું સર્વેક્ષણ એકદમ ક્ષતિરહિત અને પ્રમાણભૂત છે. સરકાર યોગ્ય નિર્ણયો લેવા આ સર્વેક્ષણ પર આધાર રાખી શકે છે.

સહી/-

ફેબ્રુઆરી, ૧૯૮૧ **ડૉ. ગોરૂર રામસ્વામી આયંગર**



**ગોખલે ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લિક અફેયર્સ**
**પબ્લિક અફેયર્સ - જર્નલ ઓફ ધી જી.આઈ.પી.એ.**
બુલ ટેમ્પલ રોડ, એન. આર. કોલોની
બેંગલોર - ૫૬૦૦૧૯ (દક્ષિણ ભારત)
ફોન: ૬૦૨૪૩૬

તારીખ: ૧૦-૨-૧૯૮૧


પ્રતિ,
પ્રમુખશ્રી
અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘ
ગોપુરી - વર્ધા.

માનનીય ભાઈશ્રી,

માનનીય શ્રી ડી. એમ. બુર્દજીએ મને મળીને બેંગલોર શહેર અને આજુબાજુના વિસ્તારોમાં દૂધનો પુરવઠો વધારવા માટે વિદેશી બ્રિડિંગથી જન્મેલી ગાયો લાવવાના પરિણામો વિશે તાજેતરમાં હાથ ધરાયેલા સર્વેક્ષણના કામની સમજ આપી હતી. એના પરથી એવું સ્પષ્ટ થાય છે કે ઉક્ત બાબતના કમનસીબ અને અનિચ્છનીય પરિણામો આવ્યા છે, જેનો તત્કાળ ઉપાય કરવાની જરૂર છે. ઉપરાંત સર્વેક્ષણ દરમિયાન કાળજીપૂર્વક ભેગી કરાયેલી માહિતીના આધારે આયોજન પંચ અને ભારત સરકાર સહિતના સંબંધિત સત્તાવાળાઓએ પરિસ્થિતિનો યથાર્થપૂર્ણ અભ્યાસ કરવો જોઈએ. પરિસ્થિતિ સુધારવા માટે જો સમય પર પગલા નહિ લેવાય તો આપણા દેશને સદીઓથી પોષતું આપણ પશુધન અસ્તિત્વમાં જ નહિ રહે અને ગાય ઉછેરી દૂધ ઉત્પાદનનો ધંધો કરતા આપણા ખેડૂતો માટે અસહ્ય મુસીબતો સર્જાશે.

એટલા માટે હું સમય ગુમાવ્યા વિના યોગ્ય પગલા લેવાની ભલામણ કરું છું.

આપનો નમ્ર,
સહી -
**(નિતીઉર શ્રીનિવાસ રાવ)**
માજી મુખ્ય ન્યાયમૂર્તિ
કર્ણાટક હાઈકોર્ટ


MULTY GRAPHICS
(022) 2665747 / 3880208
PRICE - Rs.10/-